# એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં:૨૫, અમદાવાદ.

**ક્રિમીનલ કેસ નં. 69906/20**

**ફરીયાદી** **:-** શ્રી સરકાર

વિરૂધ્ધ...

**આરોપી** **:-**

ઉ.વ.આ.પુખ્તવયના, ધંધો:મજુરી,
રહે. અમદાવાદ.

**ગુનોઃ- ગુ.પો.એકટની કલમ-૧૩૫(૧)**

**ઠરાવ**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છેકે, આ કામના આરોપી ગુનાના દિવસે ગુનાવાળી જાહેર જગ્યાએ પોતાના કબજામાં એક ધારદાર હથીયાર/છરી સાથે મળી આવી, તહોમતનામામાં જણાવેલ મે.પોલીસ કમિ.શ્રીના જાહેરનામાનો ભંગ કરી મળી આવી પકડાઈ જઈ, ગુ.પો.એકટની કલમ-૧૩૫(૧) હેઠળનો શિક્ષાપાત્ર ગુનો કર્યાની ફરીયાદ અન્વયે ગુનો નોંધી તપાસ ના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જપણાતા ચાર્જશીટ રજુ કરવામાં આવેલ. આરોપી હાજર થતા, ક્રિ.પ્રો. કોડની કલમ -૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલયે પૂરી પાડયાની ખાત્રી કરી, આરોપીની આંક-૨ થી ગુન્હાની પ્લી રેકર્ડ કરતા, આરોપીએ ગુનો કબૂલ હોવાનું જણાવી, આંક-૩ ગુના કબુલાત પુરશીશ આપી સ્વેચ્છાએ ગુનો કબૂલ હોવાનું જણાવતા ખાત્રી કરી કબૂલાત સ્વીકાર કરાયેલ. આરોપીએ વધુમાં જણાવેલ છે કે, તેનો આ પ્રથમ ગુનો છે ભવિષ્યમાં ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. તેના કહેવા પ્રમાણે તેને જેલની સજા કરવામાં આવે તો તેની પાછળ કુંટુંબમાં કમાનારુ કોઈ નથી. રોજનું કમાઈ રોજ ખાય છે. હાલ કોરોનાની સ્થિતી હોય, વધારે સજા કરવામાં આવશે તો તેના કુંટુંબની સારસંભાળ અને ભરણપોષણને સીધી અસર થાય તેમ હોય, તે જેલમાં રહી શકે તેવી સ્થિતિમાં નથી.

ઉપરોકત આરોપીની રજૂઆત દયાની અરજ દયાને લેતા તેની રજુઆતમાં તથ્ય જણાય છે. આરોપી ગરીબ ચાલી વિસ્તારના છે અને તેઓ આર્થિક પછાત જણાય છે. ગુનાનો પ્રકાર ધ્યાને લેતા નજીવો છે, આરોપીને ગુનાનો પસ્તાવો હોય, પ્રથમ ગુનો હોય ફરી ગુનો નહી કરવાની ખાત્રી આપતા હોય, ગુનાનો પ્રકાર અને ગુનાની કાયદાકીય સજાની જોગવાઈ તથા ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લઈ આરોપીને ગુજ.પોલીસ એકટની કલમ-૧૩૫(૧) ગુનામાં દોષિત ઠરાવીનીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**આખરી હુકમ**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડ ની કલમ-૨૫૨ મુજબ ગુ.પો. એકટની કમલ-૧૩૫(૧) ના ગુનામાં દોષિત ઠેરવીને રૂા.૩૦૦ (અંકે રૂપિયા ત્રણસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંઢ ન ભરે તો દિન-૨ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવવામાં આવે છે .

હુકમ આજ રોજ Special sittings ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**(એ. આર. પટેલ)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨૫, અમદાવાદ.
(**Code No**.**GJ00710**)

અમદાવાદ.
તા.૧૧/૦૯/૨૦૨૧